# ૮૪ કોસી યાત્રાને પગલે પરિસ્થિતિ તંગ

લખનૌ,તા. ૨૪

વિશ્વહિંદુ પરિષદની સૂચિત ૮૪ કોસી યાત્રા ઉપર ઉત્તરપ્રદેશ સરકારે પ્રતિબંધ મુક્યો હોવા છતાં વિહીપ દ્વારા આ સૂચિત યાત્રાને આગળ વધારવાની તૈયારી કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ સરકારે હવે અયોધ્યામાં ૮૪ કોશી પરિક્રમા યાત્રા માટે વિહીપના કાર્યકરોના પ્રવાહને રોકવા માટે અન્ય રાજ્યોની મદદ લીધી છે. રાજ્યભરમાંથી ભાજપ અને વિહીપના સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. સરકારે જાહેરાત કરી છે કે યાત્રા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. લોકોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખોરવાઈ જાય તેવા કોઈ પગલા લેવા જોઈએ નહીં. અયોધ્યામાં વિવાદાસ્પદ સ્થળે રામ મંદિરના નિર્માણ માટે લોકસમર્થન એકત્રિત કરવા આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. જંગી પોલીસ જવાનો, રેપિડેક્શન ફોર્સ, પીએસીની ટુકડીઓ ફૈજાબાદમાં ગોઠવવામાં આવી છે. વિહીપના કાર્યકરોને રોકવા જિલ્લાઓની સરહદો સીલ કરવામાં આવી છે. લખનૌમાં ઉત્તરપ્રદેશના એડિશનલ જનરલ ઓફ પોલીસ અરૂણ કુમારે કહ્યુ છેકે ઉત્તર પ્રદેશમાં તેમના સ્થળોથી આવવાની મંજુરી આપવી જોઈએ નહીં. જુદાજુદા રાજ્યોમાંથી ઘણી ટુકડીઓ પહોંચી રહી છે. વિહીપના કાર્યકરોના પ્રવેશને રોકવામાં આવ્યા છે. આજે સવારે ઘણા ટોચના નેતાઓને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા પ્રતિબંધ મૂકાયો હોવા છતાં વિહિપના નેતાઓ આ યાત્રાને લઈને મક્કમ દેખાઈ રહ્યા છે. આ યાત્રાને લઈને એકબાજુ અખિલેશ સરકારે તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે અને વિહિપના નેતાઓને અયોધ્યામાં પ્રવેશ કરતા રોકી દેવામાં આવ્યા છે.



બીજી બાજુ આ યાત્રા સાથે આગળ વધવા વિહિપના નેતાઓ મક્કમ દેખાઈ રહ્યા છે આવી સ્થિતિમાં ભારે તંગદિલીપૂર્ણ સ્થિતિ ઊભી થઈ હોવાના અહેવાલ મળ્યા છે. અયોધ્યા અને તેની આસપાસના જિલ્લાઓમાં વધારાના જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. વિશ્વહિંદુ પરિષદની અયોધ્યા કૂચને લઈને ઉત્તર પ્રદેશની અખિલેશ સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશ સરકારે વિહિપની અયોધ્યા માર્ચને નિષ્ફળ બનાવવા તૈયારી કરી લીધી છે. અયોધ્યાની આસપાસના છ જિલ્લાઓમાં તમામ જગ્યાઓએ સુરક્ષા જવાનો તૈનાત કરી દેવાયા છે. માત્ર રાજ્ય પોલીસ જ નહીં બલ્કે કેન્દ્રીય અર્ધલશ્કરીદળોને પણ ઉતારી દેવામાં આવ્યા છે. વિશ્વહિંદુ પરિષદના કાર્યકરો સાથે આવતીકાલના દિવસે અથડામણ થાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે.સરકારે પ્રતિબંધ મૂક્યો હોવા છતાં યાત્રાને આગળ વધારવાની વિશ્વહિંદુ પરિષદે તૈયારી બતાવી છે. કેન્દ્ર સરકારને અર્ધલશ્કરી દળો મોકલવા કહેવામાં આવ્યું છે. ૨૫ કામચલાઉ જેલ પણ ઉભી કરવામાં આવી છે. વિશ્વહિંદુ પરિષદના ટોચના નેતાઓની ચળવળ ઉપર નજર રાખવામાં આવી રહી છે. પોલીસને વિહિપના કાર્યકરો સામે પગલાં લેવા સૂચના આપી દેવામાં આવી છે. અયોધ્યા તરફ આવતી ટ્રેનો, બસ અને અન્ય વાહનોની ચકાસણી થઈ રહી છે. શંકાસ્પદ લોકોને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા છે. આ છ જિલ્લાઓના વહીવટી તંત્ર દ્વારા લોકોના એકત્રિત થવા સામે કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકાર પણ રેપીડ એક્શન ફોર્સની ૧૦ કંપનીઓ મોકલવા તૈયાર થઈ ગઈ છે જે ફૈઝાબાદ, બરેચ, ગોંડા, આંબેડકરનગર, બસ્તી અને બારાબંકીમાં ગોઠવવામાં આવશે. અયોધ્યામાં પહેલાથી જ એક કંપની ગોઠવવામાં આવી છે.

## રાજ્યપાલના હોદ્દાને ખતમ કરવાની લોકસભામાં માંગ

નવી દિલ્હી,તા. ૨૪

રાજ્યપાલના હોદ્દામાં રાજકીય દૂરુપયોગને લઈને લોકસભામાં આજે ભારે હોબાળો થયો હતો. જુદાજુદા રાજકીય પક્ષોના નેતાઓએ રાજ્યપાલના હોદ્દાને દૂર કરવાની જોરદાર માંગ કરી હતી. નેતાઓએ આ હોદ્દાને વિરાસત તરીકે ગણાવીને આ બંધારણીય હોદ્દાને દૂર કરવાની માંગ કરી હતી. જનતાદળ યુનાઈટેડ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આરજેડી અને બીજુ જનતાદળ સહિત મોટા ભાગના રાજકીય પક્ષોના સભ્યોએ એવી રજુઆત કરી હતી કે દેશની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતા રાજ્યપાલનો હોદ્દો આર્થિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર એક બોજ સમાન છે. બદલાઈ રહેલી પરિસ્થિતિમાં આ હોદ્દાની સમીક્ષા થવી જોઈએ અને તેને દૂર કરવાના મુદ્દા પર વિચારણા કરવી જોઈએ. આદળોના નેતાઓએ રાજ્યપાલની સિદ્ધીઓ, ભથ્થા અને વિશેષાધિકાર પર ચર્ચામાં ભાગ લેતા કહ્યુ હતુ કે રાજ્યપાલનો હોદ્દો હવે બિનજરૂરી બની ગયો છે. રાજભવન સફેદ હાથી સમાન બની ગયા છે. રાજ્યપાલના હોદ્દાને જાળવી રાખવાની સ્થિતિમાં મોટાભાગના રાજકીય પક્ષોના સભ્યોએ સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રી સાથે રાજ્યપાલની નિમણૂંક કરવા સંબંધિત ૧૯૮૮માં રચવામાં આવેલી સરકારીયા પંચની ભલામણોને ધ્યાનમાં લેવા માંગ કરી હતી. આ બિલ પર ચર્ચાની શરૂઆત કરતા પહેલા ભાજપના નેતા કિર્તી આઝાદે કહ્યુ હતુકે રાજ્યપાલના હોદ્દાને રાજનીતિથી દૂર રાખવા, નિમણૂંકમાં પારદર્શકતા જાળવવા અને આ સંબંધમાં ઈન્દિરા ગાંધી દ્વારા રચવામાં આવેલા સરકારીયા પંચની ભલામણોને અમલી બનાવવા પર ભાર મુક્યો હતો. આઝાદે કહ્યુ હતુ કે સરકારીયા પંચ સહિત કેન્દ્ર અને રાજ્યોના સંબંધ અંગે ત્રણ પંચ અને બે સમિતિઓની રચના કરવામાં આવી ચુકી છે. પરંતુ રાજ્યપાલનો હોદ્દો દિનપ્રતિદિન વિવાદાસ્પદ બની રહ્યો છે. રાજ્યપાલના હોદ્દાને દૂર કરવાનો મુદ્દો આગામી દિવસોમાં ગરમ રહેશે.

## કર્ણાટકની લોકસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસની બંને બેઠક પર ભવ્ય જીત

બેંગ્લોર,તા. ૨૪

કર્ણાટકના મુખ્યમંત્રી શિદ્ધારામૈયા લોકસભાની પેટાચૂંટણીમાં અગ્નિ પરીક્ષા પાસ કરવામાં સફળ થઈ ગયા છે. કારણ કે કોંગ્રેસના બંને ઉમેદવારોને પેટા ચૂંટણીમાં જીત અપાવવામાં આજે તેમને સફળતા મળી હતી. જેડીએસની પાસેથી કોંગ્રેસે બેંગ્લોર ગ્રામિણ અને મંડયા લોકસભા બેઠક આંચકી લીધી છે. આ પેટા ચૂંટણી કોંગ્રેસ અને જેડીએસ બંને માટે ખૂબ મહત્વપૂર્ણ હતી. પ્રથમ વખત તમામ વિરોધપક્ષો મેદાનમાં આવ્યા હતા. આ પરિણામથી દેવગૌડા પરિવારને મોટો ફટકો પડ્યો છે.

તાજેતરમાં તીવ્ર મોંઘવારી અને અન્ય મુદ્દાઓને લઈને દેશભરમાં યુપીએ સરકાર ટીકા ટિપ્પણીનો શિકાર થયેલી છે ત્યારે મુખ્યમંત્રીએ કોંગ્રેસને બંને બેઠકો જીતાડીને કોંગ્રેસની લોકપ્રિયતા સાબિત કરી છે. કોંગ્રેસના ઉમેદવારોએ પોતપોતાના મત વિસ્તારમાં જંગી અંતરથી બેંગ્લોર ગ્રામીણ અને મંડીયા બેઠકો



જીતી લીધી છે. આ મત વિસ્તારમાં જેડીએસનું વર્ચસ્વ હોવાનું જાણવા મળ્યું છે. આજે સવારે પરિણામો જાહેર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસની છાવણીમાં ઉજવણીનો દોર શરૂ થઈ ગયો હતો. કર્ણાટકમાં ચાર મહિના જૂની કોંગ્રેસ સરકારને ખૂબ મોટો ફાયદો થયો છે. કારણ કે લોકસભાની ચૂંટણી આડે હવે આઠ મહિનાનો સમય રહી ગયો છે. કોંગ્રેસના નેતાઓમાં આ જીતની સાથે જ ઉત્સાહનું મોજું ફળી વળ્યું છે. બંને બેઠકો રાજકીય રીતે ખૂબ મહત્વપૂર્ણ હતી. કન્નડ અભિનેતા રમૈયાએ મંડિયા બેઠક પરથી જીત મેળવી છે જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શિવકુમારના ભાઈ ડી કે સુરેશકુમારે બેંગ્લોર ગ્રામીણમાંથી જીત મેળવવામાં સફળતા મેળવી છે. આ બંને બેઠકો જેડીએસ પાસેથી આંચકી લેવામાં આવી છે. બેંગ્લોર ગ્રામીણ બેઠક ઉપર વર્ષ ૨૦૦૯માં ભૂતપૂર્વ મુખ્યમંત્રી એચડી કુમાર સ્વામીએ જીત મેળવી હતી. પેટા ચૂંટણી કુમાર સ્વામીના રાજીનામા બાદ યોજવાની ફરજ પડી છે. કુમાર સ્વામી અને અન્ય જેડીએસના નેતાએ રાજીનામા આપી દીધા હતા. રમૈયાએ જેડીએસના ઉમેદવાર પુટ્ટારાજુને ૪૭૦૦૦ મતેથી હાર આપી હતી. જ્યારે સુરેશકુમારે કુમાર સ્વામીના પત્ની અનિતાને એક લાખથી વધુ મતે હાર આપી હતી.

## બહારના લોકોના લીધે રેપ વધી ગયા છે : રાજ ઠાકરે

મુંબઈ,તા. ૨૪

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડારાજ ઠાકરેએ મુંબઈ ગેંગ રેપની ઘટના બાદ ફરી એકવાર બહારથી આવેલા લોકોને ટાર્ગેટ બનાવીને તેમના પર આકરા પ્રહારો કર્યા છે. રાજ ઠાકરેનું કહેવું છે કે બહારથી આવેલા લોકોના કારણે જ મુંબઈમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધારે ખરાબ થઈ રહી છે. ઠાકરેએ ઉમેર્યુ હતુકે જે રીતે મુંબઈમાં બહારના લોકોને આવવાની તક મળી રહી છે તે જોતા આવી ઘટના સ્વભાવિક છે. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે કોઈ એક ઘટના પર ધ્યાન કેન્દ્રિત કરવાની બાબત યોગ્ય નથી. પરંતુ એવી ઘટનાઓ જે મુંબઈમાં વધી રહી છે તેના માટે બહારથી આવેલા લોકો જવાબદાર દેખાઈ રહ્યા છે. રાજઠાકરેએ એમ પણ કહ્યુ હતુકે



જ્યાં સુધી સત્તામાં ફેરફાર થશે નહીં ત્યાં સુધી આવી સ્થિતિ યથાવત રહેશે. વર્તમાન સરકારમાં કોઈ દમ નથી તેવો દાવો રાજ ઠાકરેએ કર્યો હતો. એક પ્રશ્નના જવાબમાં રાજ ઠાકરેએ કહ્યુ હતુકે ક્રિમિનલ લોકો જ્યારે બહારથી કોઈ પણ નિયંત્રણ વગર ઘૂસવાની શરૂઆત કરશે ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચોક્કસપણે બગડશે. મુંબઈ પોલીસ પર હાલમાં કેટલું દબાણ છે. તે બાબત સમજવા જેવી છે. રાજ ઠાકરેએ આ દુષણને રોકવા શું કરવું જોઈએ તે અંગે કહ્યુ હતુ કે બહારથી આવતા લોકો પર નજર રાખવામાં આવે તે જરૂરી છે. લેખકો, કલાકારો અને કુશળ લોકો બહારથી આવે તે યોગ્ય છે પરંતુ અપરાધીઓ અને બળાત્કારીઓને મુંબઈમાં પ્રવેશ પર પ્રતિંબધ મુકવામાં આવે તે જરૂરી છે. અલબત્ત રાજઠાકરેના આ મત સાથે મોટા ભાગના રાજકીય નેતાઓ સહમત નથી. રાજ ઠાકરેએ ફરી એકવાર બહારના લોકોને ટાર્ગેટ બનાવતા તેમની સામે કેટલાક પક્ષો તેમની નારાજગી વ્યક્ત કરે તવી શક્યતા છે. રાજ ઠાકરેએ અગાઉ બિહારી લોકોને ટાર્ગેટ બનાવીને આકરા પ્રહારો કરી ચુક્યા છે. રાજ ઠાકરે આક્રમક નિવેદન કરવા માટે જાણીતા રહ્યા છે. ઉશ્કેરણી જનક નિવેદનના કારણે રાજ ઠાકરેને અગાઉ કાયદાકીય ગુંચનો પણ સામનો કરવાની ફરજ પડી છે પરંતુ રાજ ઠાકરે પોતાના આક્રમક સ્વભાવ માટે જાણીતા રહ્યા છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનું વર્ચસ્વ પણ તેઓ વધારવામાં સફળ રહ્યા છે.

## આંધ્રમાં રિફાઈનરી આગમાં મૃતાંક વધી ચાર પર પહોંચ્યો

હૈદરાબાદ,તા. ૨૪

આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના શહેર વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન



પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની રિફાઈનરીમાં એક દિવસ પહેલા ફાટી નીકળેલી વિનાશકારી આગના મામલામાં મોતનો આંકડો આજે વધીને ચાર પર પહોંચ્યો હતો. પાંચ વર્કરો હજુ પણ લાપતા થયેલા છે. અધિકારીઓનું કહેવું છેકે ૩૯ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જે પૈકી ઘણાની હાલત ગંભીર જણાવવામાં આવી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના અધિકારીઓ દુર્ઘટનાસ્થળે તપાસ કામગીરીમાં લાગી ગયા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે અન્ય બે લોકોએ હોસ્પિટલમાં જ દમ તોડી દીધો હતો. ઘાયલ થયેલા લોકો પૈકી ઘણાની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અન્ડર કન્સટ્રક્શન કુલીંગ ટાવરમાં બ્લાસ્ટ થયા બાદ આગ ફાટી નીકળી હતી. ડઝન જેટલા ફાયરટેન્ડરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. પાંચ વર્કરો હજુ પણ લાપતા થયેલા છે. ડિસ્ટ્રીક્ટ કલેક્ટોરેટ ખાતે કન્ટ્રોલ રૂમની શરૂઆત કરવામાં આવી છે. દરમિયાનમાં આજે લાપતા થયેલા વર્કરોના સગા સંબંધીઓએ જોરદાર દેખાવો કર્યા હતા અને તંગદિલી ઉભી કરી હતી. રિફાઈનરીના ૪૦૦૦ કર્મચારીઓએ આજે યોગ્ય સુરક્ષા પાસાઓ અમલી બનાવવાની માંગણીને લઈને દેખાવો કર્યા હતા અને તેમની ફરજનો બહિષ્કાર કર્યો હતો.

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

આપણે ત્યાં ગુપ્તદાનનો મહિમા છે. જમણા હાથે જે અપાય તેની ડાબા હાથને ખબર ન પડવી જોઇએ. તેવી સાવધાની રાખવા ધર્મ સૂચવે છે. કમનશીબે આ આદેશનું અર્થઘટન તદ્દન વિપરિત કરવામાં આવે છે. લોકો કહે છે તમારૂં ધન ગુપ્ત રાખો તમારી કાળી કમાણીના માર્ગ છાના રાખો, તમારા સાથીદારો ને પણ તમારી કમાણીનો ખ્યાલ ન આવે તેવા માર્ગ શોધો. નાણાં વિદેશી બેંકોમાં જમા કરાવો - જીવન ક્ષણિક છે તે જાણવા છતાં ભાવિ પેઢી માટે તે મુક્તા જશું તેમ ન માનો...' ધન પરત્વેના મોહને કારણે આ વિચારસરણી પેદા થઇ છે જેમ સમાજમાં ભારે અવ્યવસ્થા ફેલાઇ છે કવિ તો કહે છે કે,

'લાખ તો મુઠી રાક બરાબર, કરોડ છૂટે સરવાળે,<br>
સત્તા સુકા ઘાસ બરાબર, બળી આસપાસ બાળે'

સમજુ વ્યક્તિને સમજવા માટે વેદ મંત્ર છે. તમો જે આપો છો તે તમારૂં નથી. કારણ તમે તો માત્ર ધન કમાયા. વિનોબા કહે છે કે જેનું તમે સર્જન કરી શકો તે તમારૂં, ધન-ધાન્યનું સર્જન ઇશ્વર કરે છે. તમે ભલે ભોગવો - પણ ત્યાગ ભાવના સાથે ભોગવો.

મથુરાના રસ્તે જતી ગોપી વિચારે છે 'હાથ... આજ એક પણ કાંકરી ન વાગી, મટુકી ન ફુટી... પણ તરત જ તેનું મન ટપારે છે. મટુકી ભલે ન ફુટી પણ તારૂં ભાગ્ય ફૂટી ગયું. કારણ જે વાવર્યું તે ઉગશે. જે સંઘર્યુ તે સડશે. એ તો એળે જશે. તમારૂં ધન એળે ન જાય, માટે તેને દાન - સત્કાર્યમાં વાપરો.'

આપણો સંગ્રહ અપરિગ્રહનો છે. મહાભારતમાં ભીષ્મ કહે છે જરૂર કરતાં વધારે સંગ્રર કરનાર દોષી છે. સમાજ તેને દંડ કરે છે મહાત્મા ગાંધીએ પણ કહ્યું છે 'વણ જોતું ન સંઘરવું' માટે વેદ - વચન યાદ કરી સેંકડો હાથે એકઠું કરાયેલું ધન હજારો હોથ વડે સમાજને પરત કરો. તમારા ધનનો સદુપયોગ કરી. સુખ સાથે શાંતિ પ્રાપ્ત કરો. સુખી થવાનો આ એક ઉપાય છે. સુખી થાઓ અન્યને સુખી કરો.

## જગન મોહન આજથી ભૂખ હડતાળ પર જશે

નવી દિલ્હી,તા. ૨૪

આંધ્રપ્રદેશમાં વિભાજનનો વિરોધ કરી રહેલા વાયએસઆર કોંગ્રેસ પક્ષના પ્રમુખ વાયએસ જગન મોહન રેડ્ડી આવતીકાલથી ચંચલગુડાની સેન્ટ્રલ જેલમાં અચોક્કસ મુદતની ભૂખહડતાળ પર ઉતરનાર છે.

પક્ષે આજે આ મુજબની જાહેરાત કરી હતી. કડાપ્પાના સાંસદ તરીકે જગન મોહન વધારે લોકપ્રિય રહ્યા છે. જગન રવિવારે સવારે અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરશે. પક્ષના નેતા કે રામકૃષ્ણ દ્વારા આ મુજબની જાહેરાત કરાઈ હતી. જગન મોહનના પત્નિ ભારતી અને પક્ષના અન્ય કેટલાક નેતાઓ જેલમાં જગનમોહનને મળ્યા હતા ત્યારબાદ આ અંગેની જાહેરાત કરાઈ હતી. અપ્રમાણ સંપત્તિ કેસમાં જગન મોહન છેલ્લા એક વર્ષથી જેલમાં છે. આ અગાઉ તેમના માતા અને પક્ષના પ્રમુખ વિજિયમ્માએ તેમની વિનંતી બાદ ઉપવાસનો અંત આણ્યો હતો. જગને ફોન પર પોતાની માતા સાથે વાત કરી હતી અને આરોગ્યની વણસતી સ્થિતિને ધ્યાનમાં લઈને ઉપવાસનો અંત લાવવા અપીલ કરી હતી.

## આતંકવાદી ટુન્ડા ૧૪ દિવસના જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાયો

નવી દિલ્હી,તા. ૨૪

લશ્કરે તોયબાના કુખ્યાત આતંકવાદી અને બોમ્બ બનાવવામાં નિષ્ણાંત ગણાતા અબ્દુલ કરિમ ટુન્ડાને ૧૪ દિવસના જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યો છે. દિલ્હી કોર્ટ દ્વારા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. અગાઉ સ્પેશિયલ કાર્ડિયાક કેર માટે એમ્સમાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. મેજિસ્ટ્રેટે હોસ્પિટલમાં ટુન્ડા સાથે વાત કરી હતી અને તેને સાતમી સપ્ટેમ્બર સુધી કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો હતો. ટુન્ડાને આજે સવારે કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવનાર હતો. પોલીસ કસ્ટડીની તેની ચાર દિવસની અવધિ પરિપૂર્ણ થયા બાદ તેને



કોર્ટમાં રજુ કરવામાં આવનાર હતો પંરતુ તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. ખાસ હાર્ટને લગતી સારવાર માટે તેને એમ્સમાં દાખલ કરાયો હતો. ગયા શુક્રવારે ભારત-નેપાળ સરહદ પરથી ઝડપાયેલા ૭૦ વર્ષિય ટુન્ડાને ૨૨મી ઓગસ્ટના દિવસે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ટુન્ડાએ છાતીમાં દુઃખાવાની ફરિયાદ કરી હતી. ખાસ સાવધાની અને સુરક્ષાના કારણોસર ટુન્ડાને ત્યારબાદ એમ્સમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ઈન્ટેન્સિવ કેર યુનિટમાં રાખવામાં આવ્યો હતો. દિલ્હી કોર્ટે ૨૦મી ઓગસ્ટના દિવસે ટુન્ડાને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર સોંપવાનો આદેશ કરાયો હતો. ૩૭ બોમ્બબ્લાસ્ટ કેસના સંબંધમાં તેની પુછપરછ ચાલી રહી છે. પોલીસ કોર્ટમાં કહી ચુકી છે કે વિસ્ફોટકોના કેસમાં તેને ભાગેડુ અપરાધી જાહેર કરાયો હતો. ૧૯૯૪માં તેની સામે કેસ થયો હતો. ટુન્ડા એવા ૨૦ આતંકવાદીઓમાં સામેલ છે જે આતંકવાદીઓની યાદી ભારતે પાકિસ્તાન સરકારને મુંબઈ હુમલા દરમિયાન સોંપી હતી. ભારતમાં ૪૦ હુમલામાં તેની સંડોવણી રહેલી છે. ધરપકડ કરવામાં આવેલાની યાદીમાં ટુન્ડા પ્રથમ અપરાધી છે. મુંબઈમાં વર્ષ ૧૯૯૩માં થયેલા સિરિયલ ટ્રેન બ્લાસ્ટમાં તેની ભૂમિકા બદલ પણ તે વોન્ટેડ છે.

## દેશને ખૂબ જ જવાબદાર મીડિયાની જરૂર છે : સિંહ

નવી દિલ્હી,તા. ૨૪

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રાષ્ટ્રીય મીડિયા સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતીવેળા વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ હતુ કે દેશને જવાબદાર અને શક્તિશાળી મીડિયાની જરૂર છે. રાયસીના રોડ પર ૧.૯૫ એકરમાં બનેલા આ સેન્ટરને વોશિંગ્ટન એ ટોકિયોના મીડિયા સેન્ટરની જેમ બનાવવામાં આવ્યુ છે. આ સેન્ટર નવી ટેકનોલોજી અને સુચનાના સાધનો સાથે સુસજ્જ છે. આ પ્રસંગે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાને સોશિયલ મીડિયાના સાવધાનીપૂર્વકના ઉપયોગને લઈને પણ લોકોને સાવધાન કર્યા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે ચકાસણી કરવાની બાબત મીડિયાનું કામ છે. પરંતુ આક્ષેપોની જાળવામાં મીડિયા ન ફસાય તે જરૂરી છે.

## અમેરિકામાં ભારતીય યુવાનની ગોળી મારીને ક્રૂર હત્યા કરાઈ

લોસએન્જેલસ,તા. ૨૪

અમેરિકામાં લિપીકના હોદ્દા ઉપર ફરજ બજાવતા ભારતીય યુવાનની ઘાતકી હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ છે. વણઓળખાયેલા હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. પોલીસે આ મામલામાં માહિતી આપનારને ઈનામ આપવાની પણ જાહેરાત કરી છે. હત્યા અંગે માહિતી આપતા અધિકારીઓનું કહેવું છે કે પંજાબના માજરી કિશ્નેવાલી ગામના નિવાસી મનપ્રીત ઘુમનસિંહ (૨૭)ની કેલિફોર્નિયાના સાઉથ લૈક તાહોએમાં હત્યા કરી દેવામાં આવી છે. તે એક ગેસ સ્ટેશન ઉપર કામ કરી રહ્યો હતો. અહેવાલ મુજબ સિંહની છઠ્ઠી ઓગસ્ટના દિવસે હત્યા કરવામાં આવી હતી પરંતુ આ મામલો મોડેથી સપાટી ઉપર આવ્યો છે. હત્યાના સંબંધમાં કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી. એમ માનવામાં આવે છે કે આ હત્યામાં માત્ર એક વ્યક્તિ સામેલ છે. પોલીસે એફબીઆઈ સહિતની સંસ્થાઓને તપાસમાં મદદ લીધી છે. પોલીસે સર્વિલાંસ વિડીયો મારફતે બે ફોટાઓ જારી કર્યા છે. પરંતુ ફોટાઓના રિઝલ્ટ ખરાબ હોવાના લીધે ચિત્ર સ્પષ્ટ થઈ શક્યું નથી. એમ માનવામાં આવે છે કે લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હતી. બંદૂકધારીની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી. હત્યા કરવામાં આવેલા પંજાબના નાગરિક અંગે વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. બીજી બાજુ ભારતીય સમુદાયના લોકોમાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. આ હત્યા અંગે માહિતી આપનારને ૨૫૦૦ ડૉલરનું ઈનામ આપવાની જાહેરાત કરાઈ છે.

## ઝડપાયેલો શખ્સ ચાંદ ૩૦મી સુધી કસ્ટડીમાં

મુંબઈ,તા. ૨૪

મુંબઈ ફોટો જર્નાલિસ્ટ ગેંગ રેપ કેસમાં ઝડપાયેલા ચાંદ બાબુ સત્તાર શેખ ઉર્ફે મહોમ્મદ અબ્દુલને આજે લોકોના જોરદાર વિરોધ વચ્ચે દાદર ખાતેની ભોઈવાડા હોલિડે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. ભાજપ અને શિવસેનાના કાર્યકરોએ જોરદાર વિરોધ એ વેળા જારી રાખ્યો હતો. આ બનાવને વખોડી કાઢીને દોષિતને સજા કરવાની માંગ ગઈકાલથી જ થઈ રહી છે. પબ્લિક પ્રોસિક્યુટર નંદગીરીએ કોર્ટમાં કહ્યુ હતુ કે ૨૩ વર્ષિય ભોગ બનેલી યુવતિ હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અબ્દુલની કસ્ટડી ફરાર આરોપીઓ અંગે ભાળ મેળવવા માટે જરૂરી છે. વિટનેસ બોક્સમાં ઉભા રહેલા અબ્દુલે કોઈ પણ પશ્ચાતાપ દર્શાવ્યો ન હતો.

## સમાચાર ઝલક

- મિડીયાએ સરકારનું દર્પણ છે : સોનિયા ગાંધી.
- રાજકોટમાં એક્સ-રે પડાવવાની લાલચમાં ગઠિયો દાગીના ઉઠાવી ગયો.
- કોડિનાર તાલુકામાં ચોથી પુત્રી જન્મતા માતાએ અગ્નિસ્નાન કર્યું.
- મુંબઇ મહિલા પ્રેસ ફોટોગ્રાફરના બળાત્કારનો સમગ્ર દેશમાં ભારે વિરોધ થયો.
- વિશાખાપટ્ટનમની ઓઇલ રિફાઇનરીમાં આગ, અકસ્માતમાં ૪નાં મોત.
- અયોધ્યાની કોસી યાત્રામાં પોલીસનો લોખંડી બંદોબસ્ત, કોર્ટની મનાઇ.
- પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પુરનો પ્રકોપ, અનેક શહેરોમાં પુરનાં પાણી ફરી વળ્યા.
- સુરતમાં કવિ વીર નર્મદની ૧૮૦મી જન્મ જયંતિ ઉજવાઇ.
- દિલ્હીમાં મયુર વિહારમાં ઘરમાં ઘુસી મહિલાની હત્યા, મહિલાઓ માટે મહાનગર દિલ્હી અસુરક્ષિત.
- મહિલાઓ પર એસિડ ફેકવાનો સીલસીલો યથાવત, દિલ્હીમાં બે બહેનો પર એસિડ ફેકાયો.
- ઉત્તરપ્રદેશમાં નદીમાં ટ્રક ખાબકતા ૨૭ મુસાફરો લાપતા.
- લેબનોનનાં ત્રિપોલી શહેરમાં બોમ્બ ધડાકાથી ૩૦ વ્યક્તિઓમાં મોત.
- ૧૩૧ ફૂટની ઐતિહાસિક જળ સપાટી વટાવતો નર્મદા ડેમ, ડેમમાં સતત લાખો ક્યૂસેક પાણીની આવક.
- ગોરખાલેન્ડ અલગ રાજય માટે દાર્જીલીંગ બંધ.
- ઇટાવામાં પત્રકારની હત્યા.
- કેલિફોર્નિયાના જંગલમાં ભીષણ આગને કાબુમાં લેવા પ્રયાસો ચાલુ.
- કે.વાય.સી. માટે બેંકોની નિષ્કાળજી સામે રીઝર્વ બેંકનું કડક વલણ.
- પંજાબમાં હાઇવે પર ડુંગળી ભરેલી ટ્રક લૂંટાઇ.